# કરગુઁવા સાવલીયા પાર્શ્વનાથ અતિશયક્ષેત્ર

- આવાગમન ................ : રેલ્વે સ્ટેશન : ઝાંસી - ૫ કિ.મી.
  બસ સ્ટેશન : ઝાંસી - ૨ કિ.મી.
- નજીકના મુખ્ય શહેર ...... : ઝાંસી - ૩ કિ.મી., દતિયા - ૩૦ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો : સોનાગિરિ - ૪૫ કિ.મી., પવાગિરિ - ૫૦ કિ.મી.

આ અતિશયક્ષેત્રનું નામ શ્રી કરગુઁવા સાવલીયા પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર છે. ઝાંસીથી હાઈવે ઉપર આગળ જતાં ૫ કિ.મી. દૂર એક મોટો ગેઈટ આવે છે. તે ગેઈટમાં અંદર પ્રવેશતા ૧-૧।। કિ.મી. દૂર આ ક્ષેત્ર આવેલ છે. રોડ ઉપર ગેઈટનુ ખાસ ધ્યાન રાખવુ જોઈએ. નહીંતર આ ક્ષેત્ર મળે નહીં તેવું છે. આ પાવન અતિશયક્ષેત્ર ૭૦૦ વર્ષ જૂનું છે. ૭૦૦ વર્ષ પહેલા આ ક્ષેત્ર અસ્તિત્વમાં હતુ. ત્યારબાદ કાળાનુક્રમે તે દટાઈ ગયું હતું. ત્યારબાદ હમણાં લગભગ ૨૦૦ વર્ષ પહેલા ફરીને આ મંદિરોનો ખ્યાલ આવતા સંવત ૧૮૫૧માં વસંતપંચમીના રોજ તેની ફરી પ્રતિષ્ઠા થઈ હતી. વળી કહેવાય છે કે આ ક્ષેત્ર ઉપર વારંવાર ચમત્કારોનો અનુભવ થાય છે. ભોંયરામાં ત્રણ પદ્માસન મૂર્તિ છે. વચ્ચે સં. ૧૩૪૩ની ૩ ફીટની મૂર્તિ છે. તે શ્રી પાર્શ્વનાથ ભગવાનની છે. ડાબી તરફ પણ શ્રી પાર્શ્વનાથ ભગવાન પદ્માસન ૨।। ફીટના છે. જમણી તરફ પણ શ્રી પાર્શ્વનાથ ભગવાન પદ્માસન ૨।। ફીટના છે. તે સિવાય ડાબી તરફ ખડ્ગાસન ૬ ફીટની એક પ્રાચીન મૂર્તિ છે તથા ખોદકામમાંથી પ્રાપ્ત થયેલ ચૌમુખી મૂર્તિ સં. ૧૩૧૧ની છે. અહીં કુલ ૭ પ્રતિમાજી છે. ચોકમાં માનસ્થંભજીમાં ઉપર ચૌમુખી પ્રતિમાજી છે.

તે સિવાય અહીં પાંડુકવન-શાલ્મલીવૃક્ષની સુંદર રચના કરી છે, જેનું વર્ણન શ્રી નંદીશ્વરની પૂજામાં આવે છે. તેમજ અહીં કૃત્રિમ-અકૃત્રિમ ચૈત્યાલયની રચના પણ છે. શાલ્મલીવૃક્ષ ઉપર પોપટ, વાનર, સર્પ, વિગેરે પ્રાણીઓ છે. વૃક્ષ ઉપર ચૌમુખી ભગવાન છે. નીચે ચાર ચરણકમળની ચાર દેરીઓ છે. તે સિવાય નંદનવન, પાંડુકવન અને સોમનસવન છે.

ત્યારબાદ આ વૃક્ષથી આગળ જતાં બાજુમાં જ શ્રી ઋષભદેવ ભગવાન સફેદ આરસના ખડ્ગાસન ૬ ફીટના છે. જમણી તરફ શ્રી બાહુબલીજી ભગવાન સફેદ આરસના ખડ્ગાસન ૬ ફીટના છે. આ બંને પ્રતિમાજી નવા પ્રતિષ્ઠિત થયેલા છે. આ તીર્થક્ષેત્રનું કમ્પાઉન્ડ ઘણું જ મોટું છે. તેમાં દરવાજાની બંને બાજુ ૨૦-૨૦ નવી રૂમોની રહેવા માટેની ધર્મશાળા બનાવેલ છે. ૨૦ બ્લોક્સનું નામ શ્રી આદિનાથ બ્લોક્સ અને બીજા ૨૦ બ્લોક્સનું નામ શ્રી બાહુબલીજી બ્લોક્સ આપેલ છે. અહીંનું પીવાનુ પાણી બહુ મીઠું છે. અહીં લાઈટ-પાણીની સગવડતા છે. આ સ્થળ માત્ર તીર્થક્ષેત્ર

હોઈને-કોઈ ગામ નહીં હોઈને કાંઈપણ ચીજ-વસ્તુ મળતી નથી.  આ ક્ષેત્રનો મુખ્ય દરવાજો ઈ.સ. ૧૯૭૨માં થયેલ છે.

ઝાંસી-કાનપુર માર્ગ ઉપર ઝાંસી શહેરથી ૫ કિ.મી. દૂર મેડિકલ કોલેજના ગેઈટ નં. ૨ ની સામે કરગુઁવામાં આ મનોરમ્ય સ્થળ છે.  સંસ્થાએ આ ક્ષેત્રના વિકાસ માટે ૯ એકર જમીન લઈ રાખી છે.  ભોંયરામાં શ્યામ વર્ણની છ મૂર્તિઓ છે.  તેમાં સૌથી મોટા શ્રી પાર્શ્વનાથ ભગવાન છે.  બીજી પાંચ પ્રતિમા ઉપર સંવત ૧૩૪૫ અંકિત છે અને એક વિશાલકાય શ્રી મહાવીર પ્રભુની મૂર્તિ ઉપર સંવત ૧૮૫૧ની પ્રશસ્તી છે.  તે સિવાય એક દેશી પાષાણની ખડ્ગાસન ચૌમુખી મૂર્તિ છે. જેના ઉપર સંવત ૧૩૪૫ અંકિત છે.

**ક્ષેત્ર ઈતિહાસ :-** આ ક્ષેત્રનો ઈતિહાસ એમ કહે છે કે લગભગ ૨૦૦ વર્ષ પહેલા પૂર્વ ઝાંસી બલવન્તનગર નામથી પ્રખ્યાત હતુ.  તે સમયે પેશવાઓનું શાસન ચાલતુ હતુ.  અહીંથી ૫ કિ.મી. દૂર કરગુઁવા ગામ પાસે એક બળદગાડીમાં ખંડિત પ્રતિમાઓ મૂકેલી હતી.  તે ગાડી આ સ્થળ ઉપર એકાએક રોકાઈ ગઈ.  અનેક ઉપાય કરવા છતાંય આ ગાડી ત્યાંથી આગળ ન ચાલી.  તેથી ગાડાવાળો થાકીને ત્યાં જ ગાડું રાખીને સુઈ ગયો.  બલવન્તનગરમાં આ વિસ્મયકારી સમાચાર પહોંચ્યા.  દિગંબર જૈન સમાજના શ્રી સીંઘઈ નન્હેજીએ એમ કહ્યું કે મને સ્વપ્ન આવેલ છે કે કરગુઁવામાં જ્યાં ખંડિત પ્રતિમાઓ લઈને ગાડું પડયું છે, ત્યાં જમીનમાં નીચે વિશાલ પ્રતિમાઓ દટાયેલી પડી છે, તે બહાર કાઢો.  શ્રી સીંઘઈએ પોતાના સ્વપ્નની વાત સવારે રાજ્ય દરબારમાં કહી.  તેથી દરબારના સહયોગથી જ્યાં ગાડું રોકાઈને પડયુ હતુ, ત્યાં ખોદકામ શરૂ કર્યુ.  તો માત્ર ૭-૮ ફીટ ખોદતા અનેક મૂર્તિઓ દેખાઈ.  પેશવાના સુબેદારો ત્યાં પહોચ્યા અને પ્રતિમાજીના દર્શન કરીને આનંદ વિભોર થઈને જય-જયકાર બોલાવ્યો અને ખુશીમાં રાજાએ મંદિર નિર્માણ માટે ૯ એકર જમીન વિના મૂલ્યે આપી.  શ્રી સીંઘઈએ સમાજના સહયોગથી ત્યાં દટાયેલી મૂર્તિઓને બહાર કઢાવીને ત્યાં એક ભોંયરૂ બનાવરાવ્યું.  તેની ઉપર શિખર કરાવ્યુ.  આજીુબાજીુમાં બાગ-બગીચા કરાવ્યા.  ખોદકામમાં પ્રાપ્ત થયેલા આ છ પ્રતિમાજી સંવત ૧૩૪૫ના છે.  તેની સાથે એક નવી મૂર્તિ શ્રી મહાવીર પ્રભુની મંગાવીને શ્રી પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ કર્યો. હાલ પણ શ્રી મહાવીર ભગવાનની પ્રતિમાની પ્રશસ્તીમાં શ્રી સીંઘઈ નન્હેજીનુ નામ સ્પષ્ટ વંચાય છે.  કાલાન્તરે આ ક્ષેત્ર ફરી ગુમ થયું હતું.  ભોંયરૂ-મંદિર બધું જ અદશ્ય થતાં અને ત્યાં મોટું જંગલ થતાં જંગલી પ્રાણીઓનો વસવાટ શરૂ થયો હતો.

આ શતાબ્દીના પ્રારંભમાં અહીંના સમાજે આ જગ્યાએ દર પર્યુષણ પર્વમાં આવવાનું શરૂ કર્યુ. એક વખત વરસાદથી ભોંયરામાં પાણી ભરાઈ ગયેલું.  ત્યાં ખોદકામ કરતા ફરીને આ મંદિર પ્રાપ્ત થયું અને ફરીને આ છ મૂર્તિની ભોંયરામાં સ્થાપના કરી,  તો સમાજમાં વિવાદ ઉત્પન્ન થયો.  આ ક્ષેત્રના અતિશયથી સન ૧૯૬૯માં અલ્હાબાદ હાઈકોર્ટે આ ક્ષેત્રને દિગંબર જૈન સમાજનું મંદિર જાહેર કર્યુ.  ત્યારબાદ માર્ચ, ૧૯૭૨માં અહીં એક વિશાળ મેળો ભરાયો.  આ

મેળામાં સમાજરત્ન શ્રી સાહુ શાંતિપ્રસાદજી પધાર્યા હતા અને વેદી પ્રતિષ્ઠા કરાવી હતી. આ રીતે સન્ ૧૯૭૨માં આ કરગુંવા નામ ફરીને રોશન થયું.

શ્રી મહાવીર ભગવાનના ૨૫૦૦ મા નિર્વાણ મહોત્સવ સમયે આ ક્ષેત્રમાં ૩૫ ફીટ ઊંચો માનસ્થંભ કરાવ્યો. જેની ગજરથ મહોત્સવ સાથે પંચકલ્યાણક મહોત્સવ કરીને તા. ૧૬ એપ્રિલ, ૧૯૭૮ થી તા. ૨૧ એપ્રિલ, ૧૯૭૮ દરમ્યાન પ્રતિષ્ઠા થઈ હતી. ત્યારબાદ થોડા સમય પછી સમાજે ૧૯૮૫માં શ્રી ઋષભદેવ ભગવાનની તથા શ્રી બાહુબલીજીની ૬-૬ ફીટની સફેદ આરસની ખડ્ગાસન પ્રતિમાની પ્રતિષ્ઠા કરી છે. રાજ્ય સરકારે આ મહોત્સવ સમયે બીજી ૫ એકર જમીન "લોક કલ્યાણ સમિતિ"ના નામે ભેટ દીધી. આ જમીન મંદિરથી ૦।। કિ.મી. દૂર મેડિકલ કોલેજના ગેઈટ નં. ૩ ની સામે ઝાંસી-કાનપુર હાઈવે રોડ ઉપર આવેલી છે. આ જમીનના પહાડ ઉપર શ્રી મહાવીર પ્રભુના ચરણકમળ સ્થાપિત કર્યા છે. અહીં પણ ધર્મશાળા માટે ચાર નવી રૂમો બંધાવી છે. તે સિવાય અહીં વિધાલય પણ ચાલે છે. તેના માટે બીજી પાંચ રૂમો બનાવી છે.

આ ક્ષેત્ર સોનાગિરિની પાસે આવતુ હોઈને બધા દિગંબર મુનિ મહારાજો અહીં રોકાય છે અને અહીંથી સોનાગિરિ જાય છે. અહીંના મંદિરમાં તેરાપંથી આમ્નાય અનુસાર પૂજન-વિધાન-અભિષેક વિગેરે થાય છે. યાત્રીઓને ભોજન બનાવવા માટે જોઈતા વાસણો અહીં મળે છે. તે ઉપરાંત જાજમ-ગાદલા-રજાઈ પણ મળે છે. અહીં વર્ષમાં એક વખત શ્રી પાર્શ્વનાથ ભગવાનના જન્મકલ્યાણક દિન નિમિત્તે પોષ વદ-૧૧ના રોજ મોટો મેળો ભરાય છે. અહીં મુનિઓના પ્રવચન માટે એક પણ હોલ ન હોવાથી સમાજે ૧૪૦×૭૦ ફીટનો હોલ બંધાવવાનું નક્કી કરેલ છે. તે હોલનું નામ "આચાર્ય શ્રી વિદ્યાસાગર સભાગૃહ" રાખેલ છે. આ હોલ બાંધવા માટે ૧૫ લાખ રૂપિયાનો ખર્ચ અંદાજાયો છે.

વ્રત-નિયમ કરવા કે નહીં ? તેનાં ઉત્તરમાં કહ્યું છે કે વ્રત-નિયમ કરવાનાં છે. ઊંચી દશાએ જવા માટે વ્રત-નિયમ કરવા. પણ ભૂખે મરવું અને ઉપવાસ કરવા તેનું નામ તપ નથી. માંહેથી શુદ્ધ અંતઃકરણ થાય ત્યારે તપ કહેવાય અને તો મોક્ષગતિ થાય. વ્રત-તપાદિ આત્માનાં અર્થે કરવાનાં છે. લોકોને દેખાડવાનાં અર્થે કરવાનાં નથી. કષાય ઘટે તેને તપ કહે છે. મુમુક્ષુઓએ કોઈ પદાર્થ વિના ચાલે નહીં એવુ રાખવું નહીં. વૃત્તિને ગમે તેમ કરીને રોકવી.

- શ્રીમદ્ રાજચંદ્રજી

मेरे मन मंदिर में आन, पधारो महावीर भगवान ।

भगवन तुम आनन्द सरोवर, रुप तुम्हारा महा-मनोहर ।
निश-दिन रहे तुम्हारा ध्यान, पधारो महावीर भगवान ।। १।।

सुर-किन्नर-गणधर गुण गाते, योगी तेरा ध्यान लगाते ।
गाते सब तेरा यश-गान, पधारो महावीर भगवान ।। २।।

जो तेरी शरणागत आया, तूने उसको पार लगाया ।
तुम हो दयानिधि भगवान, पधारो महावीर भगवान ।। ३।।

भक्त जनों के कष्ट निवारें, आप तरें हमको भी तारें ।
कीजे हमको आप समान, पधारो महावीर भगवान ।। ४ ।।

आये हैं हम शरण तिहारी, पूजा हो स्वीकार हमारी ।
तुम हो करुणा दया निधान, पधारो महावीर भगवान ।। ५।।

रोम-रोम में तेज तुम्हारा, भू-मन्डल तुमसे उजियारा ।
रवि-शशि तुमसे ज्योतिर्मान, पधारो महावीर भगवान ।। ६।।

h